પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ- મર્મરુહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદ્યશાળા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Golden Health Check-up (ગોલ્ડન હેલ્થ ચેકઅપ)
Rs. 7200/- Rs. 2500/-
જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
કીડની તપાસ Urea, Creatinine, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
કોલેસ્ટ્રોલ તપાસ (Cholesterol, Triglyceride), HDL, LDL, V.L.D.L. Total Lipid Profile
લીવર તપાસ SGPT, SGOT, Bilirubin, ALP, Protein
સુગર તપાસ (Diabetes) FBS, PPBS, GHB
ન્યુટ્રીશ્યન તપાસ Vita B12, Vita D3
થાઈરોઈડ તપાસ T3 T4 TSH
દાંતની તપાસ
હૃદયની તપાસ ECG
છાતીની તપાસ Chest X-Ray
સંધિવા તપાસ RA Test
યુરિન ચેકઅપ
એમ.ડી. ડૉક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ
સવારે ભૂખ્યા પેટે લોહી(બ્લડ) લેવા માટે ઘર બેઠા બ્લડ કલેકશનની સુવિધા ઉપલબ્ધ.
સંપર્ક : Mo. : 9227994614

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ વદ દશમ રવિવાર ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૬૮

પાનાં ૧૪+૮ કિંમત ₹ ૬.૦૦

# અમેરિકાએ ઈરાનના 3 ઓઈલ ટેન્કરો તબાહ કર્યા

**અમેરિકી** જહાજો પર મિસાઈલ હુમલા બાદ અમેરિકાનો આકરો જવાબી પ્રહાર

**“જરૂર** પડશે તો ઈરાનનું આખું ઓઈલ ફ્લીટ નષ્ટ કરી દઈશું”: અમેરિકી સેન્ટ્રલ કમાન્ડની ખુલ્લી ચેતવણી

**ટ્રમ્પે** ઇરાન સાથેની લડાઇને મામૂલી બાબત ગણાવી

**કૈરો, તા. 5 (AP):** અમેરિકી નૌકાદળના યુદ્ધ જહાજો પર ઈરાન દ્વારા મિસાઈલ હુમલા કરવામાં આવ્યા બાદ જવાબી કાર્યવાહી કરતા અમેરિકી સશસ્ત્ર દળોએ ઈરાનના ત્રણ ઓઈલ ટેન્કરો પર ત્રાટકીને તેમને તબાહ કરી દીધા છે. અમેરિકી સેનાએ કડક શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો જરૂર પડશે તો તે ઈરાનના મર્યાદિત અને ખુલ્લા ઓઈલ ફ્લીટને સંપૂર્ણપણે નષ્ટ કરી દેશે.

અમેરિકી હુમલા બાદ ઈરાન તરફથી કોઈ સત્તાવાર જવાબી લશ્કરી પ્રતિક્રિયા કે આક્રમક નિવેદન તુરંત આપવામાં આવ્યું નથી.

ઈરાનના સરકારી ટીવી ચેનલે માહિતી આપી હતી કે દેશના મુખ્ય ઓઈલ ટર્મિનલ 'ખાર્ગ આઈલેન્ડ'થી લગભગ 10 કિમી (6 માઈલ) દૂર તેમના એક ટેન્કર પર 4 અમેરિકી મિસાઈલો ત્રાટકી હતી.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના વડા એડમિરલ બ્રેડ કૂપરના જણાવ્યા અનુસાર, પર્શિયન ગલ્ફ વિસ્તારમાં ગસ્ત લગાવી રહેલા અમેરિકી વિમાનવાહક જહાજ અને ડિસ્ટ્રોયર પર ઈરાને ઉશ્કેરણી વગર મિસાઈલ હુમલા કર્યા હતા. જોકે, અમેરિકી જહાજો બચી ગયા હતા અને કોઈ યુએસ સૈન્ય કર્મચારીને ઈજા પહોંચી નહોતી.

યુએસ હુમલામાં ઈરાનના બે ઓઈલ ટેન્કરો કાયમી ધોરણે નકામા થઈ ગયા છે, જ્યારે ત્રીજું ખાલી ટેન્કર સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયું છે.

એક ટેન્કર પર ખાર્ગ આઈલેન્ડ નજીક, બીજા પર હોર્મુઝની ખાડી પૂર્વમાં આવેલા જાસ્ક નજીક અને ત્રીજા ટેન્કર પર ઓમાનની ખાડીમાં હુમલો કરાયો હતો.

આ હુમલા - અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ સંઘર્ષને “નાની બાબત” ગણાવીને હળવાશથી લેવાનો પ્રયાસ કર્યાના એક દિવસ પછી થયા છે - જે 28 ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓ સાથે શરૂ થયેલા અને છ મહિનાથી અટકી-અટકીને ચાલતા યુદ્ધમાં ફરી એકવાર તણાવ વધારી રહ્યા છે. બંને પક્ષોએ એકબીજાને સૈન્ય અને આર્થિક રીતે નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે, અને વાટાઘાટો નિષ્ફળ ગઈ છે.

લશ્કરી નિવેદનમાં જણાવાયું છે કે વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી વખતે અમેરિકી એરક્રાફ્ટ કેરિયર અને ડિસ્ટ્રોયરે “ઈરાન દ્વારા કરાયેલા અણધાર્યા હુમલાઓ”થી પોતાનો બચાવ કર્યો હતો અને તેમાં કોઈ અમેરિકી કર્મચારીને ઈજા થઈ ન હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે

...અનુસંધાન પાના 13 પર

## અનેક રાજ્યોમાં ભારે વરસાદ: બિહારમાં નદીઓ જોખમી સ્તરે




અનેક રાજ્યોમાં ભારે વરસાદ: બિહારમાં નદીઓ જોખમી સ્તરેઉંચાઇવાળા ભાગોમાં સિઝનની પ્રથમ બરફ વર્ષા થઇ

**રાજધાની** પ્રદેશ દિલ્હીમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયું, કેટલીક ફ્લાઇટો મોડી પડી, એરપોર્ટ પર પણ પાણી ભરાયા

**હિમાચલ,** યુપી, રાજસ્થાનના ભાગોમાં પણ ભારે વરસાદ, બિહારમાં ગંગા નદી સર્વોચ્ચ જળસપાટી વટાવી જતાં પૂરથી દસ લાખ લોકો અસરગ્રસ્ત

**નવી દિલ્હી, 5 (PTI):** ભારતના અનેક રાજ્યોમાં શનિવારે મુસળધાર વરસાદ પડ્યો હતો, જેના કારણે વ્યાપક સ્તરે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી અને જનજીવન અસ્તવ્યસ્ત થઇ ગયું હતું. આ દરમિયાન બિહારમાં અનેક નદીઓ જોખમી સપાટીએ પહોંચી ગઈ છે.

ભારત હવામાન વિભાગે આગામી થોડા દિવસોમાં ઉત્તર અને પૂર્વ ભારતમાં વ્યાપક વરસાદની આગાહી કરી છે. સતત પડેલા વરસાદને કારણે દિલ્હીનું દૈનિક જીવન પ્રભાવિત થયું હતું અને ફ્લાઇટ કામગીરી ખોરવાઈ ગઈ હતી. ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને ધૌલા કુઆં વચ્ચેનો નેશનલ હાઇવે-48 જળમગ્ન થઈ ગયો હતો, જ્યારે

...અનુસંધાન પાના 13 પર

## મહારાષ્ટ્રમાં દહી-હાંડીની ઉજવણી: એક બાળક સહિત 2નાં મોત



■ મુંબઈમાં જન્માષ્ટમીએ ઠેર ઠેર દહી હાંડી ઉત્વવ મનાવાયો

**મુંબઈ** અને થાણેમાં 130 ‘ગોવિંદાઓ’ ઈજાગ્રસ્ત

**મુંબઈ, તા. 5 (PTI)** મહારાષ્ટ્રમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી નિમિત્તે પરંપરાગત ઉત્સાહ સાથે આયોજિત દહી-હાંડી ઉત્સવ દરમિયાન બે અલગ-અલગ દુર્ઘટનાઓમાં સાત વર્ષના બાળક અને એક મહિલા સહિત બે લોકોના મોત થયા છે. આ ઉપરાંત, હવામાં લટકાવેલી માટીની મટકીઓ ફોડવા માટે માનવ પિરામિડ બનાવતી વખતે મુંબઈ અને પાડોશી શહેર થાણેમાં 130થી વધુ ‘ગોવિંદાઓ’ ઈજાગ્રસ્ત થયા છે.

મુંબઈ (માલવણી): માલવણીના ચિકુવાડી સ્થિત એકતા વેલફેર સોસાયટી ખાતે બપોરે 3 વાગ્યાની આસપાસ દહી-હાંડી ફોડતી વખતે ઈંટોનો સ્તંભ ધસી પડ્યો હતો. જેના કાટમાળ નીચે દબાઈ જવાથી 7 વર્ષના રૂદ્ર કદમ નામના બાળકનું કરૂણ મોત નીપજ્યું હતું.

પુણે (પિંપરી ચિંચવડ): ઓલ્ડ સાંગવી વિસ્તારમાં રહેવાસી સલ્મા સલાઉદ્દીન પઠાણ નામની મહિલાનું શુક્રવારે રાત્રે દહી-હાંડી કાર્યક્રમ માટે લાઉડસ્પીકર મૂકવા ઊભા કરાયેલા અસ્થાયી લોખંડના માળખા (ફ્રેમ) નીચે દબાઈ જવાથી મોત થયું હતું.

## હાર્પરકોલિન્સ ૧૦ નવેમ્બરે ભારતમાં સોનિયા ગાંધીનાં સંસ્મરણો પ્રકાશિત કરશે

**નવી દિલ્હી, તા. 5 (PTI).** હાર્પરકોલિન્સ ઇન્ડિયાએ શુક્રવારે જણાવ્યું હતું કે, તે ૧૦ નવેમ્બરે ભારતમાં કોંગ્રેસના નેતા સોનિયા ગાંધીનાં સંસ્મરણો ‘બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ’ પ્રકાશિત કરશે. આ સાથે જ લેખકના પ્રતિનિધિઓ અને પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયા વચ્ચેની મડાગાંઠ બાદ આ પુસ્તકના સ્થાનિક પ્રકાશન અંગેની અનિશ્ચિતતાનો અંત આવ્યો છે. હાર્પરકોલિન્સ ઇન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “આપણા સમયના સૌથી બહુપ્રતીક્ષિત રાજકીય સંસ્મરણોમાંથી એક, ‘બિલોંગિંગ’ એ પ્રેમ, ઓળખ, ફરજ અને લાગણીની એક નાટ્યાત્મક અને અત્યંત વ્યક્તિગત વાર્તા છે, જે ભારતની સફરનો એક દુર્લભ આંતરિક દૃષ્ટિકોણ રજૂ કરે છે.” હાર્પરકોલિન્સ ઇન્ડિયાની આ જાહેરાત પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયા (પીઆરએચઆઈ) સાથે સંકળાયેલા વિવાદ પછી આવી છે, જે શરૂઆતમાં આ સંસ્મરણો પ્રકાશિત કરવા માટે ખૂબ ઉત્સુક હતું પરંતુ પાછળથી તેણે કહ્યું કે તે ભારતીય પ્રકાશક બનશે નહીં.

### તા. ૦૫-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.00 મીમી | મોસમનો 0000 મીમી |
|---|---|---|
| ઉકાઈ | સપાટી આજની ૩૩૫.૩૮ ફૂટ | આઉટફ્લો ૭૧૮૧ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૩.૭૦ સે. | ૨૬.૪૦ સે. | ૭૮% |

### ISROએ GSLV રોકેટથી EOS-05 સેટેલાઇટનું સફળ લોન્ચિંગ કર્યું

## આકાશમાં ભારતની નવી ‘આંખ’

**આ ઉપગ્રહ** રિયલ ટાઇમ ઇમેજિંગ પુરુ પાડશે: ખેતી, આપત્તિ વ્યવસ્થાપન સહિતના ક્ષેત્રોમાં ઉપયોગી સાબિત થશે

**GSLV** વાહન દ્વારા સૌથી ભારે (2,300 કિલોગ્રામથી વધુ વજન) સેટેલાઇટ ભ્રમણકક્ષામાં સ્થાપિત



**શ્રીહરિકોટા (આંધ્રપ્રદેશ), તા. 4 (PTI):** જીએસએલવી રોકેટનો ઉપયોગ કરીને 2,300 કિલોગ્રામથી વધુ વજન ધરાવતા સેટેલાઇટને ચોક્કસ ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવાની સાથે જ, ભારતીય અવકાશ સંસ્થા ISROએ જિયો-ઓર્બિટમાં દેશના સક્ષમ ઈમેજિંગ સેટેલાઈટના સફળ લોન્ચિંગ સાથે ફરી એકવાર ઈતિહાસના પાનાઓમાં પોતાનું નામ નોંધાવ્યું છે.

મિશન સાથે જોડાયેલા એક વરિષ્ઠ વૈજ્ઞાનિકે આ સેટેલાઈટને આકાશમાંની આંખ (આઇ ઈન ધ સ્કાય) તરીકે વર્ણવ્યો હતો. આ સેટેલાઈટ વાસ્તવિક સમયનું ઈમેજિંગ પૂરું પાડવા અને ખેતી તેમજ આપત્તિ વ્યવસ્થાપન સહિતના ક્ષેત્રોમાં દેશને મદદ કરવા માટે સક્ષમ છે. શુક્રવારનું આ લોન્ચિંગ વર્ષ 2026 માટે સ્પેસ એજન્સીની પ્રથમ સફળતા દર્શાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિત અન્ય અગ્રણીઓએ EOS-05 અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટના સફળ

...અનુસંધાન પાના 13 પર

## સુભાષ ચંદ્રા સામે CBIએ નોંધ્યો કેસ

**ફુલાવેલા** નેટવર્થ સર્ટિફિકેટ બતાવી લોન લીધી

**59,000** કરોડથી વધુની નેટવર્થ દર્શાવી મેળવી હતી લોન

**ઝી ગ્રુપના** સ્થાપક અને રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય સામે સીબીઆઇએ એલઆઇસીની ફરિયાદના આધારે ગુનો દાખલ કર્યો

**એનસીએલટીમાં** નાદારીનો કેસ ગુંચવાયેલો છે ત્યાં નવો ઘટનાક્રમ



### ચંદ્રાની ગેરંટીના આધારે જુદી જુદી કંપનીઓને લોન અપાઇ

રૂ. 500 કરોડની પ્રથમ સુવિધા વસંત સાગર પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિમિટેડને આપવામાં આવી હતી, જેમાં પાન ઇન્ડિયા ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ કો-બોરોઅર તરીકે હતી. ટેકઓવર, ટોપ-અપ અને બિઝનેસ વિસ્તરણ માટે મંજૂર કરાયેલી આ લોન 28 માર્ચ, 2018 ના રોજ ચંદ્રા દ્વારા આપવામાં આવેલી ગેરંટી દ્વારા સમર્થિત હતી. ફરિયાદ મુજબ, તે જ દિવસે DIM & Co દ્વારા જારી કરાયેલા સર્ટિફિકેટમાં

...અનુસંધાન પાના 13 પર

**નવી દિલ્હી, તા. 5:** સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન(CBI)એ એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (LICHFL) પાસેથી લોન મેળવવા માટે કથિત રીતે ફુલાવેલા નેટવર્થ સર્ટિફિકેટનો ઉપયોગ કરવા બદલ ઝી ગ્રુપના સ્થાપક અને રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય સુભાષ ચંદ્રા અને અન્ય લોકો સામે ગુનો નોંધ્યો છે. આ લોન પાછળથી ડિફોલ્ટ થઈ ગઈ હતી, જેના કારણે ધિરાણકર્તાને રૂ. 1,322 કરોડથી વધુનું નુકસાન થયું હોવાનો આક્ષેપ છે. ચંદ્રાએ રજૂ કરેલા મિલકતોના મૂલ્યના પ્રમાણપત્રોના આધારે કુલ રૂ. ૯૮૦ કરોડની બે લોન અપાઈ હતી.

આ ઘટનાક્રમ એક અલગ વ્યક્તિગત નાદારી કેસમાં નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ(NCLT) એ ચંદ્રાના રૂ. 6.25 કરોડના પુનઃચુકવણી પ્લાન પર રોક લગાવ્યાના થોડા દિવસો બાદ સામે આવ્યો છે. CBIનો આ કેસ કુલ રૂ. 980 કરોડની બે ક્રેડિટ સુવિધાઓ મેળવવા માટે 2018 માં સબમિટ કરવામાં આવેલા સર્ટિફિકેટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એક સર્ટિફિકેટમાં ચંદ્રાની નેટવર્થ રૂ. 59,113 કરોડ દર્શાવવામાં આવી હતી. જો કે, પાછળથી નાદારીની કાર્યવાહી દરમિયાન, તેમણે કથિત રીતે જણાવ્યું હતું કે 2024 માં તેમની નેટવર્થ માત્ર રૂ. 31.79 કરોડ હતી. LICHFLએ આક્ષેપ કર્યો હતો કે

...અનુસંધાન પાના 13 પર

## જંતર-મંતર પર હિંસાનો દાવો કરનાર ઈન્ફ્લુએન્સર સ્વતંત્ર ભારદ્વાજની ધરપકડ

**જંતર** મંતર ખાતે CJPના આંદોલન વખતે હિન્દુત્વવાદી ઇન્ફ્લુએન્સર સ્વતંત્ર ભારદ્વાજની એક સગીર વયના છોકરા સાથે ઝપાઝપી થઇ હતી

**ભારદ્વાજે** તાજેતરમાં એક પોડકાસ્ટમાં દાવો કર્યો હતો કે પોતે તે છોકરાના પિતાનું માથું ફોડી નાખ્યું હતું, પોતાના રાજકીય સંપર્કોને કારણે પોતાની સામે કાર્યવાહી નહીં થઇ હોવાનો પણ દાવો કર્યો

**આ પછી** CJPએ વિરોધ પ્રદર્શનો કરતા યુપીના બુલંદ શહરથી ભારદ્વાજની ધરપકડ કરાઇ, એક દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલાયો

**નવી દિલ્હી, બુલંદશહર, તા. 5 :** કોકરોચ જનતા પાર્ટી(CJP)ના દિલ્હી ખાતેના જંતર મંતર પરના વિરોધ પ્રદર્શન દરમિયાન એક વિદ્યાર્થી પ્રદર્શનકારીના પિતાનું માથું ફોડી નાખવાનો અહંકારપૂર્વક દાવો કરનાર ઈન્ફ્લુએન્સર અને કાર્યકર્તા સ્વતંત્ર ભારદ્વાજની



શનિવારે ધરપકડ કરવામાં આવી હતી. CJP અને વિપક્ષના વિરોધ બાદ ઉત્તર પ્રદેશના બુલંદશહરથી શુક્રવારે અટકાયત કરવામાં આવેલા ભારદ્વાજને બાદમાં એક દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. આ ઘટનાક્રમ સીજેપીના નેતાઓ

...અનુસંધાન પાના 13 પર

### ચિરાગ પાસવાને પણ ફરિયાદ નોંધાવી

ભારદ્વાજ માટે વધુ મુશ્કેલીઓ ત્યારે ઊભી થઈ હતી જ્યારે કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટીના નેતા ચિરાગ પાસવાન, જેમનું નામ ભારદ્વાજે પોડકાસ્ટમાં લીધું હતું, તેમણે તેમના નામનો “દુરુપયોગ” થયો હોવાનો આરોપ લગાવીને તેમની સામે ફરિયાદ નોંધાવી હતી.LJPના લીગલ સેલે જણાવ્યું હતું કે પાસવાન કે પાર્ટીને ભારદ્વાજ સાથે કોઈ લેવાદેવા નથી. પત્રકારો સાથે વાત કરતા પાસવાને કહ્યું કે સાર્વજનિક જીવનમાં રહેતા લોકો ઘણા પ્રકારના લોકોને મળે છે. મંત્રીએ કહ્યું, “એનો અર્થ એ નથી કે તે વ્યક્તિ તે રાજકારણીને વ્યક્તિગત રીતે ઓળખે છે.”

### પોલીસ સ્ટેશનની બહાર ભારદ્વાજના ટેકેદારોનું વિરોધ પ્રદર્શન

**નવી દિલ્હી.** અટકાયત કરાયેલા હિન્દુત્વ ઈન્ફ્લુએન્સર સ્વતંત્ર ભારદ્વાજના સમર્થકો વિરોધ પ્રદર્શન કરવા માટે એકઠા થતાં, શનિવારે પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન બહાર બેરિકેડ્સ મૂકીને અને અર્ધલશ્કરી દળોના જવાનોને તૈનાત કરીને સુરક્ષા સજ્જડ કરવામાં આવી હતી, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારદ્વાજને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો ત્યારે, પટિયાલા હાઉસ કોર્ટ બહાર પણ આવી જ રીતે સુરક્ષા ગોઠવવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સાવચેતીના પગલા રૂપે પોલીસ સ્ટેશનની

...અનુસંધાન પાના 13 પર

**કોર્ટને બદલે જજના ઘરે રજૂ કરવામાં આવ્યો**

### માત્ર એક દિવસની કસ્ટડીથી આશ્ચર્ય સર્જાયું

જો કે, માત્ર એક દિવસની કસ્ટડી મંજૂર થતાં આશ્ચર્ય સર્જાયું છે. વિદ્યાર્થી પ્રદર્શનકારીના વકીલ ઋષભ રંજને જણાવ્યું હતું કે ભારદ્વાજને વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. એક સમાચાર સંસ્થા દ્વારા રંજનના હવાલાથી જણાવવામાં આવ્યું કે, આ ખૂબ જ વિચિત્ર છે. અમે બધા કોર્ટમાં હાજર હતા અને સુનાવણી શરૂ થવાની રાહ જોઈ રહ્યા હતા. બાદમાં અમને ખબર પડી કે આરોપીને જજના નિવાસસ્થાને જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું, આવા ગંભીર ગુનામાં માત્ર એક દિવસની પોલીસ કસ્ટડી માંગવામાં આવી હતી. કઈ કલમો ઉમેરવામાં આવી અને FIRમાં શું સુધારા કરવામાં આવ્યા તે અંગે અમને કોઈ વિગતો મળી નથી... મને નથી ખબર કે શું છુપાવવામાં આવી રહ્યું છે.